રાજકોટ શહેરના કુવાડવા પોલીસ સ્ટેશનનું
વિભાજન કરી નવું એરપોર્ટ પોલીસ સ્ટેશન
બનાવવા બાબત

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૨૦/૫૮૭/સ
સચિવલાય, ગાંધીનગર
તા.૧૫/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) વિભાગનો તા.૦૭/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૨૦/૫૮૭/સ

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો તા.૧૩/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક:ઈ-૨/૧૫૩૬/જાહેરનામુ/૧૧૯/૨૦૨૧

ઠ રા વ:-

રાજયના પોલીસ દળને સુદ્રઢ બનાવવા માટે વિવિધ હેતુસર નવી સેવા વર્ષ-૨૦૨૦-૨૧ હેઠળ સંદર્ભ(૧)માં દર્શાવેલ તા.૦૭/૦૯/૨૦૨૦ના ઠરાવથી વિવિધ સંવર્ગની કુલ-૭૬૧૦ જગ્યાઓની મંજુરી આપવામાં આવેલ છે. તે પૈકી કુલ-૧૬૬૬ જગ્યાઓને રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સંગીન બનાવવા રાજયમાં શહેર/ટાઉન/ગ્રામ્ય/કક્ષાએ નવીન પોલીસ સ્ટેશન શરૂ કરવા પોલીસ સબ ઇન્સપેકટરના પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સપેકટરમાં અપગ્રેડ કરવા તથા નવી પોલીસ ચોકી/આઉટ પોસ્ટ શરૂ કરવા મંજુર કરવામાં આવેલ છે.

૨. સંદર્ભ(૨)માં દર્શાવેલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરના તા.૧૩/૦૧/૨૦૨૧ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે રાજકોટ શહેર ખાતે કુવાડવા પોલીસ સ્ટેશનનુ વિભાજન કરી નવીન એરપોર્ટ પોલીસ સ્ટેશન શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજકોટ શહેર ખાતે કુવાડવા પોલીસ સ્ટેશનનુ વિભાજન કરી નવીન એરપોર્ટ પોલીસ સ્ટેશન શરૂ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે તથા પત્રક-૧ માં દર્શાવ્યા મુજબ જરૂરી સ્ટાફ ફાળવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩.    આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૫/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી  અન્વયે કરવામાં આવે છે.

(ડી.એ.શાહ)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- મા.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ કમિશ્નરશ્રી,રાજકોટ શહેર,રાજકોટ
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, રાજકોટ
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, ઝ-૧ શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બ શાખા, બજેટ શાખા અને વ શાખા, ગૃહ  વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઇ.ટી. સેલ, ગૃહ  વિભાગ, સાચેવાલય, ગાંધીનગર આ ઠરાવ ગૃહ  વિભાગની  વેબસાઇટ પર  મુકવાની  વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

ગૃહ વિભાગના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૨૦/૫૮૭/સ નું બિડાણ

## પત્રક-૧

| અ. નં | શહેરનુ નામ | પોલીસ સ્ટેશનનું નામ | અનાર્મ પી.આઇ | અનાર્મ પી.એસ.આઇ | અનાર્મ એ.એસ.આઇ | અનાર્મ હેડ કોન્સ્ટેબલ | અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ | આર્મ એ.એસ.આઇ | આર્મ પોલીસ કોન્સ્ટેબલ | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | એરપોર્ટ પોલીસ સ્ટેશન | ૦૧ | ૦૨ | ૦૫ | ૨૩ | ૪૦ | ૦૨ | ૦૨ | ૭૫ |
| | | કુલ | ૦૧ | ૦૨ | ૦૫ | ૨૩ | ૪૦ | ૦૨ | ૦૨ | ૭૫ |

(ડી.એ.શાહ)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ